Extra No. 106

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, MAY 12, 2026 / VAISHAKHA 22, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી મે, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચવાય-૦૪-૨૦૨૪-જીસીએ-૧૦૨૦૨૧-૧૩૧૪-એ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Clinical Establishments (Registration and Regulation) Rules, 2022.

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) નિયમો, ૨૦૨૨ સુધારવા સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧.

ક્રમાંકઃ જીએચવાય-૦૪-૨૦૨૪-જીસીએ-૧૦૨૦૨૧-૧૩૧૪-એ: અમુક નિયમોનો મુસદ્દો, ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ (સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૪૫ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, તારીખ: ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૩ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચન મંગાવ્યા હતાં;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં ગુજરાત સરકારના અગ્ર સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને મળેલા વાંધા અથવા સૂચનો, સરકારે વિચારણામાં લીધેલા છે;

તેથી, હવે, ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ (સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૪૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) નિયમો,

૨૦૨૪ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) નિયમો, ૨૦૨૨ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ક) પછી, નીચેના ખંડો ઉમેરવા:-

"(ખ) "એનેક્ષર" એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ગ) "બ્લડ બેન્ક" એટલે ઔષધ અને પ્રસાધન નિયમો, ૧૯૪૫માં વખતોવખત વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની બ્લડ બેન્ક;

(ઘ) "ચિકિત્સાલય (ક્લિનિક)" એટલે એક ચિકિત્સક અથવા જનરલ પ્રેક્ટિશનર (સામાન્ય ચિકિત્સક) અથવા સ્પેશિયાલિસ્ટ ડોક્ટર અથવા સુપર-સ્પેશિયાલિસ્ટ ડોક્ટર દ્વારા બહારના દર્દીઓને દવાઓ આપવા સહિત તપાસ કરતી, પરામર્શ કરતી, દવા-ચિઠ્ઠી (પ્રિસ્ક્રીપ્સન) પૂરી પાડતી ચિકિત્સા સંસ્થા (ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ). "પોલિક્લિનિક (બહુવિધ ચિકિત્સાલય)" એટલે એકથી વધુ ડોક્ટર અથવા જનરલ પ્રેક્ટિશનર (સામાન્ય ચિકિત્સક) અથવા સ્પેશિયાલિસ્ટ ડોક્ટર અથવા સુપર-સ્પેશિયાલિસ્ટ ડોક્ટર વાળી ચિકિત્સા સંસ્થા (ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ). ક્લિનિક (ચિકિત્સાલય) અથવા પોલિક્લિનિકમાં ડ્રેસિંગ અને ઈન્જેક્શન આપવું વગેરે જેવી કેટલીક ગૌણ કામગીરીઓ પૂરી પાડી શકાશે;

(ચ) "કન્સલ્ટિંગ રૂમ" એટલે જ્યાં દર્દીઓની તપાસ સહિત પરામર્શ (કન્સલ્ટિંગ) કરવામાં આવતું હોય અને દવા-ચિઠ્ઠી આપવામાં આવતી હોય અને તબીબી સલાહ પૂરી પાડવામાં આવતી હોય તેવું જગા;

(છ) "કાઉન્સિલ" એટલે ચિકિત્સા સંસ્થાઓ માટેની રાજ્ય કાઉન્સિલ;

(જ) "ડેન્ટલ ક્લિનિક" એટલે જ્યાં ઈન્જેક્શન, નાના ઓપરેશન, ડ્રેસિંગ વગેરે સાથે અથવા તે વગર દાંતની બિમારીઓ માટે સારવાર કરવામાં આવતી હોય તેવું ક્લિનિક;

(ઝ) "ડેન્ટલ હોસ્પિટલ" એટલે જ્યાં દર્દીઓનો અંદરના દર્દી તરીકે સારવાર કરવામાં આવતી હોય અને દાંતની બિમારીઓ માટે સારવાર આપવામાં આવતી હોય તેવું સ્થળ;

(૮) "હોસ્પિટલ" એટલે અને તેમાં, જ્યાં કોઈ માન્ય ચિકિત્સા પદ્ધતિમાં સર્જરી અથવા ડિલીવરી (બાળકના જન્મ) વગેરેનું સંચાલન કરવા સહિત અથવા તે સિવાય, બહારના દર્દી માટેની સુવિધાઓ અને લેબોરેટરી વગેરે જેવી નિદાન સુવિધાઓ સહિત અથવા તે સિવાય, માંદગીની સારવાર માટે અંદરના દર્દીઓ તરીકે દાખલ કરવા માટેની સુવિધાઓ હોય તેવા નર્સિંગ હોમ (પરિચર્યાગૃહ) અથવા આરોગ્ય કેન્દ્ર અથવા સારવાર કેન્દ્ર અથવા અન્ય કોઈ જગાનો સમાવેશ થાય છે;

(૯) "લેબોરેટરી" એટલે જ્યાં બાયો-મેડિકલ (જૈવ-ચિકિત્સા) અથવા બાયો-કેમિકલ (જૈવ-રસાયણ) અથવા ક્લિનિકલ પેથોલોજી (ચિકિત્સા રોગવિજ્ઞાન) અથવા બાયોપ્સી અથવા બૅક્ટેરિયોલોજિકલ (જીવાણુ વિજ્ઞાન વિષયક) અથવા જિનેટિક (આનુવંશિક) તપાસ અથવા કોઈ રોગ નિદાનને લગતા ટેસ્ટ (પરીક્ષણ) અથવા સંશોધનાત્મક તપાસ સેવાઓ આપવામાં આવતી હોય તેવી જગા;

(૧૦) "દર્દી" એટલે ચિકિત્સા સંસ્થા દ્વારા આપવામાં આવતી સારવાર અથવા પરામર્શ અથવા અન્ય કોઈ સેવાઓ મેળવવા માટે નવા જન્મેલા બાળક સહિત જે વ્યક્તિ જાતે આવી કોઈ ચિકિત્સા સંસ્થામાં રિપોર્ટ (જાણ) કરે અથવા વ્યક્તિને લાવવામાં આવી હોય તેવી વ્યક્તિ;

(૧૧) "ફાર્મસિસ્ટ (ઔષધનિર્માતા)" એટલે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ અથવા ગુજરાતમાં સરકારે માન્ય કરેલ એવી અન્ય કોઈ કાઉન્સિલ અથવા બોર્ડ હેઠળ રજિસ્ટર થયેલ વ્યક્તિ;

(૧૨) "ક્વોલિફાઇડ (લાયકાત ધરાવતી) નર્સ" એટલે જે વ્યક્તિ ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલે માન્ય કરેલ કોઈ નર્સિંગ ટીચિંગ ઇન્સ્ટિટ્યૂશન્સમાંથી મેળવેલ જરૂરી લાયકાત ધરાવતી હોય અને ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના કેન્દ્રિય અધિનિયમ ૪૮મા) હેઠળ ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં નામ નોંધાવેલ હોય તેવી વ્યક્તિ. આયુર્વેદ અથવા યુનાની અથવા હોમિયોપેથિક નર્સના કિસ્સામાં, તેનો અર્થ, જે વ્યક્તિ સરકારે માન્ય કરેલ કોઈ નર્સિંગ ટીચિંગ ઇન્સ્ટિટ્યૂશન્સમાંથી મેળવેલ જરૂરી લાયકાત ધરાવતી હોય અને ગુજરાતમાં સરકારે માન્ય કરેલ સંબંધિત કાઉન્સિલ અથવા બોર્ડમાં નામ નોંધાવેલ હોય તેવી વ્યક્તિ થશે;

(૧૩) "રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર" એટલે અને તેમાં, જે વ્યક્તિ કોઈ સરકાર માન્ય તબીબી લાયકાત ધરાવતી હોય અને જેણે સંબંધિત કાઉન્સિલ એટલે કે ગુજરાતમાં તબીબી (મેડિકલ), ડેન્ટલ, સિદ્ધ, આયુર્વેદ, યુનાની અથવા હોમિયોપેથિક કાઉન્સિલ અથવા ગુજરાતમાં ગુજરાત સરકારે અથવા ભારત સરકારે સ્થાપેલ અથવા માન્ય કરેલ ઇન્ડિયન મેડિસિન બોર્ડ અથવા તેવા કોઈ કાઉન્સિલ, બોર્ડ અથવા અન્ય કોઈ વૈધાનિક મંડળ (સ્ટેચ્યૂટરી બોડી)-ના રજિસ્ટરમાં નામ નોંધાવેલ હોય તેવી વ્યક્તિ;"

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"**૮ક. ચિકિત્સા સંસ્થાની લઘુત્તમ સુવિધાઓ:-**

(૧) સ્પેશિયાલાઇઝ્ડ (વિશેષ) સેવાઓ સહિત જુદી જુદી તબીબી સેવાઓ પૂરી પાડવા માટે, ચિકિત્સા સંસ્થા માટે જરૂરી ફ્લોર સ્પેસ અને અન્ય સુવિધાઓ, લઘુત્તમ સંખ્યામાં કર્મચારીવર્ગ (સ્ટાફ) અને તેમની લઘુત્તમ લાયકાત, લઘુત્તમ સાધનસામગ્રી અને અન્ય શરતો, એનેક્ષર-૯માં નિર્દિષ્ટ કરેલા ધોરણો અને શરતો અનુસાર હોવી જોઈશે.

(૨) ચિકિત્સા સંસ્થા, કોઈપણ સમયે, રજિસ્ટ્રેશનની શરતોનું અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકી કોઈનું ઉલ્લંઘન કરે, તો જિલ્લા સત્તાધિકારી અથવા યથાપ્રસંગ, રાજ્ય કાઉન્સિલ, અધિનિયમ હેઠળ યોગ્ય પગલું લઈ શકશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમ (૬)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૬) સંચાલન અથવા માલિકીનો ફેરફાર થવાના પ્રસંગે, ચિકિત્સા સંસ્થાએ, બે મહિનાની અંદર, સંચાલન અથવા માલિકીનો ફેરફાર થવાના સંબંધમાં જિલ્લા રજિસ્ટરીંગ ઓથોરિટી અથવા હોસ્પિટલનો હવાલો ધરાવતા આર.એમ.ઓ. (RMO)-ને લેખિતમાં જાણ કરવાની રહેશે. ચિકિત્સા સંસ્થાએ, એનેક્ષર ૭માં નિર્દિષ્ટ કરેલ ફીની ચૂકવણી સાથે તેવા ફેરફારો માટે એનેક્ષર-૧૬-માં સરકારી પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે."

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા-નિયમ (૧)માં, "ભરેલી જરૂરી માહિતી" એ શબ્દોને બદલે, "એનેક્ષર-૧૬-માં ભરેલી જરૂરી માહિતી" એ શબ્દો દાખલ કરવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨માં, "કામચલાઉ રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રની" એ શબ્દોને બદલે, "એનેક્ષર-૧૬-માં કામચલાઉ રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રની" એ શબ્દો દાખલ કરવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ પછી, નીચેનો નિયમ ઉમેરવો:-

"૧૦ ક. નિયમો ૯ અને ૧૦ હેઠળ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી -

(૧) દરેક ચિકિત્સા સંસ્થાએ એનેક્ષર-૧ક મુજબ નિયમ ૯ અને નિયમ ૧૦ હેઠળ અરજી કરવાની રહેશે. ચિકિત્સા સંસ્થા એક કરતાં વધુ માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિમાં સેવાઓ પૂરી પાડતી હોય, તો તેણે, દરેક ચિકિત્સા પદ્ધતિ માટે પ્રમાણપત્ર મેળવવા માટે અલગ અરજી કરવાની રહેશે:

પરંતુ ચિકિત્સા સંસ્થાનો એક ભાગ હોય તેવી લેબોરેટરી અથવા રોગનિદાન કેન્દ્રએ અલગથી રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર રહેશે નહિ.

(૨) ચિકિત્સા સંસ્થાએ, કામચલાઉ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અને કાયમી રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી સાથે એનેક્ષર-૧ક-માં નિર્દિષ્ટ કરેલા દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

(૩) કલમ ૩૫ અને કલમ ૩૬ હેઠળ કાઉન્સિલ અને સત્તાધિકારીએ ફી, દંડ અને શિક્ષાથી એકત્રિત કરેલ રકમ, રાજ્ય સરકાર આ અર્થે હુકમથી નિર્દિષ્ટ કરે તેવા ખાતામાં જમા કરાવવી જોઈશે."

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩ પછી, નીચેના નિયમો દાખલ કરવા:-

"૧૪. **ચિકિત્સા સંસ્થાની ફરજો.**- દરેક ચિકિત્સા સંસ્થાએ,-

(ક) ચિકિત્સા સંસ્થાના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ, મકાન (ઈમારતો)ના જાહેર લોકો માટે પ્રવેશમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગાએ પ્રદર્શિત કરવાની રહેશે;

(ખ) સંસ્થાના કર્માચારીઓના નામો, સરનામા અને લાયકાતો અને તેણે નિભાવેલા સાધન દર્શાવતો રેકર્ડ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જાળવવાનો રહેશે અને તેમાં કોઈ ફેરફારો થાય, તો તે અંગેનો અહેવાલ છ મહિને સત્તાધિકારીને આપવાનો રહેશે. તેમછતાં, ચિકિત્સા સંસ્થાઓને, આ નિયમોના જાહેરનામાની તારીખથી બે વર્ષની વચગાળાની મુદત માટે ઈલેક્ટ્રોનિક સ્વરૂપે અથવા મેન્યૂઅલ સ્વરૂપે રેકર્ડ નિભાવવાની પરવાનગી આપવી જોઈશે.

(ગ) ચિકિત્સા સંસ્થાએ ચાર્જ કરેલા દર (નક્કી કરેલી કિંમત) પ્રદર્શિત કરવાના રહેશે. તેમછતાં, આઈસીયુ (ICU) રૂમો, આઈપીડી (IPD) માટે જુદા જુદા પ્રકારના રૂમો માટે લેવાપાત્ર દરો (કિંમતો) પ્રદર્શિત કરતી વખતે, ફક્ત રૂમનું ભાડું જ નહિ પરંતુ તેણે, જેઓ પાછલા એક વર્ષ કરતા વધુ સમય સુધી આવા રૂમોમાં રોકાયા હોય તેવા દર્દીઓની તમામ દવાઓની કિંમત, ડોક્ટરની વિઝિટ ફી અને દૈનિક સરેરાશ દરે તમામ કામગીરીઓના ચાર્જ (કિંમત) સહિત તેવા રૂમો અથવા આઈસીયુ (ICU)ના સંબંધમાં પ્રતિ દિવસ સરેરાશ બિલિંગ (બિલની) રકમ પણ પ્રદર્શિત કરવાની રહેશે. દરો (કિંમતો)નું આવું પ્રદર્શિત કરવાનું એનેક્ષર-૧૦ મુજબ રહેશે.

(ઘ) દર્દીને લગતી પોતાની પ્રવૃત્તિઓનો ચિકિત્સા રેકર્ડ ખાસ કરીને, (એટલે કે જે મનુષ્યના શરીર અથવા તેના ભાગની સ્થિતિ અથવા તેમાંથી કાઢી લીધેલ કોઈ દ્રવ્ય અને વ્યક્તિને આપવામાં આવતી અથવા તેણે લીધેલી સારવારની પદ્ધતિ સૂચવવા અને નિદાનને સમજી શકાય અથવા તેનો ઉપયોગ કરી શકાય તેવા કોઈ કાગળ, ફિલ્મ, સ્લાઈડ, સોલ્યુશન, માધ્યમ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જાળવવાનું રહેશે. લેબોરેટરી અને નિદાનના પરિણામો અને હાથ ધરેલી તબીબી તપાસ સહિત નામ, ઉમર, લિંગ અને પરામર્શની તારીખ, નિદાન (કામચલાઉ અથવા આખરી) અને સારવારની આપેલ સલાહનો સમાવેશ કરતો કેસ રેકર્ડ દર્દીને આપવો જોઈશે;

(ચ) દરેક રેકર્ડ સક્ષમ સત્તાધિકારીની તપાસ માટે ખુલ્લું રાખવું જોઈશે;

(છ) દરેક ચિકિત્સા સંસ્થાએ, ભારત સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના લાગુ પડતા ધોરણો અથવા માર્ગદર્શક સૂચનાઓ મુજબ બાયોમેડિકલ વેસ્ટ સહિતનો વેસ્ટ (કચરો) અલગ પાડીને તેનો નિકાલ કરવાનો રહેશે;

(જ) ચિકિત્સા સંસ્થા તરીકે કાર્ય કરવાનું બંધ કર્યેથી, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર પરત સોંપી દેવાનું રહેશે;

(ઝ) જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અથવા ગમે તે નામે ઓળખાતા સંબંધિત શહેરી સ્થાનિક મંડળના મ્યુનિસિપલ આરોગ્ય અધિકારીને, જે દર્દીઓ રોગચાળા અધિનિયમ, ૧૮૯૭ હેઠળ ક્ષયરોગ અથવા જાહેર કરેલા અન્ય ચેપી રોગોથી પીડાતા હોય અને ચિકિત્સા સંસ્થામાં સૌ પ્રથમ વાર નિદાન કરવામાં આવ્યું હોય તેવા દર્દીઓનું પત્રવ્યવહારનું સરનામું, કોન્ટેક્ટ (સંપર્ક) નંબર અને અન્ય માહિતી સાથે યાદી પૂરી પાડવાની દરેક ચિકિત્સા સંસ્થાની ફરજ રહેશે.

(૮) વિશેષ વર્ગના દર્દીઓ માટે સાર-સંભાળની ગુણવત્તાના સંબંધમાં સરકારે વખતોવખત બહાર પાડેલ જાહેર નીતિને લગતા આદેશો અનુસરવાની દરેક ચિકિત્સા સંસ્થાની ફરજ રહેશે.

૧૫. તબીબી રેકર્ડની જાળવણી.- (૧) દરેક ચિકિત્સા સંસ્થાએ, એનેક્ષર-૧૦માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિગતવાર વિસ્તૃત પ્રમાણમાં જે દર્દીએ ચિકિત્સા સંસ્થામાં અંદરના દર્દી અથવા બહારના દર્દી તરીકે મુલાકાત લીધી હોય તેવા દર્દીનું ચિકિત્સા નિરીક્ષણ, ટેસ્ટ (પરીક્ષણ), તપાસ, રોગનિદાન અભિપ્રાય, સલાહ અને તેને આપેલ સારવારને લગતી વિગતો સાથેનો રેકર્ડ નિભાવવાનો રહેશે. તેમછતાં, લેબોરેટરી ટેસ્ટ (પરીક્ષણ) અથવા રોગનિદાન તપાસ અહેવાલના સંબંધમાં, સંબંધિત લેબોરેટરી અથવા રોગનિદાન સુવિધાએ આવું રેકર્ડ જાળવવું જોઈશે.

(૨) અણધાર્યા બનાવો, દેશવ્યાપી રોગચાળો અથવા અન્ય કોઈ મોટી હોનારત (ડિઝાસ્ટર)ના કિસ્સામાં, ચિકિત્સા સંસ્થાએ, રાજ્ય કાઉન્સિલ અથવા જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે ફરમાવ્યા પ્રમાણેની માહિતી પૂરી પાડવી જોઈશે.

(૩) ઓપીડી (OPD)નું રેકર્ડ, ઓછામાં ઓછી બે વર્ષની મુદત સુધી ઈલેક્ટ્રોનિકલ સ્વરૂપે જાળવવું જોઈશે, આઈપીડી (IPD) રેકર્ડ ઓછામાં ઓછી પાંચ વર્ષની મુદત સુધી જાળવવું જોઈશે અને કોર્ટ-કેસ/મેડિકો લીગલ કેસો/કન્ઝ્યુમર ફોરમ કેસોના કિસ્સામાં, સંબંધિત રેકર્ડ, કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી જાળવવું જોઈશે.

૧૬. ચિકિત્સા સંસ્થાઓની યાદીની પ્રસિદ્ધિ.-

(૧) સત્તામંડળે/રાજ્ય કાઉન્સિલે ગુજરાતમાં રજિસ્ટર થયેલ ચિકિત્સા સંસ્થાઓની યાદી પ્રદર્શિત કરવાની રહેશે અને દર મહિને ઓનલાઈન પ્લેટફોર્મ પર એનેક્ષર-૧૧ના નમૂના-ક માં તેને અદ્યતન કરવાની રહેશે.

(૨) સત્તામંડળે, જેમનું રજિસ્ટ્રેશન સમાપ્ત થયેલું હોય તેવી ચિકિત્સા સંસ્થાઓની યાદી પ્રદર્શિત કરવાની રહેશે અને દર મહિને ઓનલાઈન પ્લેટફોર્મ પર એનેક્ષર-૧૧ના નમૂના-ખ માં તેને અદ્યતન કરવાની રહેશે.

૧૭. ચિકિત્સા સંસ્થાના કેસમાં તપાસની રીત.-

(૧) સત્તામંડળ અથવા રાજ્ય કાઉન્સિલ અથવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવે તેવા સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, સત્તામંડળ અથવા રાજ્ય કાઉન્સિલ અથવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અથવા તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલ ટીમ-એ, ચિકિત્સા સંસ્થામાં પ્રવેશ કરીને નિરીક્ષણ અથવા તપાસ કરવી જોઈશે.

(૨) નિરીક્ષણ ટીમે, મુલાકાત અંગે સંસ્થાને અગાઉથી જાણ કરવાની રહેશે.

(૩) નિરીક્ષણ ટીમે, ચિકિત્સા સંસ્થા માટે ઉપયોગમાં લેવાતા અથવા ઉપયોગમાં લેવા ધારેલા મકાનો (ઈમારતો)ની તપાસ કરવાની રહેશે અને સાધનસામગ્રીઓ અને અન્ય સહાયક સામગ્રીઓની તપાસ કરવાની રહેશે અને નોકરીમાં રાખેલા ટેકનિકલ કર્મચારી વર્ગની વ્યાવસાયિક લાયકાતોની તપાસ કરવાની રહેશે અને તે, લાઈસન્સના રજિસ્ટ્રેશન અથવા મંજૂરી માટેની અરજીમાં કરેલા નિવેદનોની ખરાઈ કરવા અથવા દર્દીની સંભાળ સંબંધી ફરિયાદ અંગે હકીકતલક્ષી સચ્ચાઈની ખાતરી કરવા માટે પોતાને જરૂરી જણાય તેવી અન્ય કોઈ તપાસ કરી શકશે. સંસ્થા ચલાવવા સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓ, નિરીક્ષણ ટીમને સંપૂર્ણ અને સાચી માહિતી પૂરી પાડવા માટે બંધાયેલી રહેશે.

(૪) નિરીક્ષણ ટીમે, તપાસ કર્યાના એક અઠવાડિયાની અંદર, સત્તામંડળને એનેક્ષર-૧૨માં અહેવાલ રજૂ કરવાનો રહેશે અને તેની એક નકલ રાજ્ય કાઉન્સિલને પણ મોકલવાની રહેશે.

૧૮. આદેશોની અવગણના, માહિતી આપવામાં અવરોધ અને તેનો ઈન્કાર.-

(૧) અધિનિયમ હેઠળ સત્તા આપેલ સત્તામંડળની કોઈ વ્યક્તિ દ્વારા ફરમાવેલ આદેશની અવગણના કરવાના, માહિતી આપવામાં અવરોધ કરવાના અને માહિતી આપવાનો ઈન્કાર કરવાના કિસ્સામાં, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે અથવા કાઉન્સિલે, શિક્ષા કરવાના હેતુ માટે સંબંધિત વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તપાસ યોજવાની રહેશે.

(૨) સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ, આવો નિર્ણય મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, રાજ્ય કાઉન્સિલને અપીલ કરી શકશે.

(૩) આવી અપીલ મળ્યેથી, રાજ્ય કાઉન્સિલ અથવા તેણે (રાજ્ય કાઉન્સિલે) અધિકૃત કરેલ વ્યક્તિને એવું જણાય કે તે બાબતમાં વચગાળાનો હુકમ જરૂરી છે, તો તે, તેવો હુકમ કરી શકશે.

(૪) રાજ્ય કાઉન્સિલ અથવા તેણે (રાજ્ય કાઉન્સિલે) અધિકૃત કરેલ વ્યક્તિ, સુનાવણીની વાજબી તક આપ્યા પછી, પોતાને જરૂરી જણાય તેવો હુકમ કરી શકશે.

(૫) અપીલ સત્તામંડળના નિર્ણયની જાણ, આવો હુકમ કર્યાની તારીખથી પંદર દિવસની અંદર સંબંધિત વ્યક્તિને કરવી જોઈશે.

(૬) અપીલ સત્તામંડળનો નિર્ણય, આખરી અને બંધનકર્તા ગણાશે."

૯. સદરહુ નિયમોમાં, એનેક્ષર ૭ને બદલે, નીચેનું એનેક્ષર મૂકવું:-

"એનેક્ષર-૭

(જુઓ નિયમો ૯, ૧૦ અને ૧૨)

જુદી જુદી ચિકિત્સા સંસ્થાના રજિસ્ટ્રેશન/રિન્યૂઅલની અરજી માટેની ફી

અનુ-ક્રમાંક	સંસ્થાનો પ્રકાર	કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અરજીની ફી (રૂ.માં)	કાયમી રજિસ્ટ્રેશન માટેની અરજીની ફી (રૂ.માં)	જિલ્લા સત્તામંડળના હુકમ સામેની અપીલ માટેની ફી (રૂ.માં)
૧	ક્લિનિક/કન્સલ્ટિન્ગ રૂમ /પોલીક્લિનિક	૧૦૦૦/-	૨૦૦૦/-	૧૦૦૦/-
૨	૧૫ પથારી સુધીની સંસ્થા	૨૦૦૦/-	૮૦૦૦/-	૨૦૦૦/-
૩	૧૬ થી ૩૦ પથારી સુધીની સંસ્થા	૫૦૦૦/-	૨૦૦૦૦/-	૫૦૦૦/-
૪	૩૧ થી ૫૦ પથારી સુધીની સંસ્થા	૧૦૦૦૦/-	૪૦૦૦૦/-	૧૦૦૦૦/-
૫	૫૧ થી ૧૦૦ પથારી સુધીની સંસ્થા	૧૫૦૦૦/-	૬૦૦૦૦/-	૧૫૦૦૦/-
૬	૧૦૦ કરતાં વધુ પથારી વાળી સંસ્થા	૫૦,૦૦૦/-	૨૦૦૦૦૦/-	૧૫૦૦૦/-
૭	સ્ટેન્ડઅલોન લેબ/ અન્ય રોગનિદાન એકમ (ડાયગ્નોસ્ટિક યુનિટ)	૨૦૦૦/-	૮૦૦૦/-	૨૦૦૦/-

- મોડી અરજી માટે, કામચલાઉ અથવા યથાપ્રસંગ કાયમી રજિસ્ટ્રેશન ફીની બમણી રકમ રહેશે.
- સંસ્થાની માલિકી, સંચાલન અથવા તેના નામના ફેરફાર માટે, કામચલાઉ અથવા યથાપ્રસંગ કાયમી રજિસ્ટ્રેશન ફીની અડધી રકમ રહેશે.
- કાયમી રજિસ્ટ્રેશનના રિન્યૂઅલ માટે, કાયમી રજિસ્ટ્રેશન ફીની અડધી રકમ રહેશે.
- પ્રમાણપત્રની બીજી નકલ (ડુપ્લિકેટ) મેળવવા માટે, ફીની રકમ, કામચલાઉ અથવા યથાપ્રસંગ કાયમી રજિસ્ટ્રેશન ફીની રકમના ૧૦ ટકા રહેશે.".

૧૦. સદરહુ નિયમોમાં, એનેક્ષર ૧ પછી, નીચેના એનેક્ષર દાખલ કરવા:-

"એનેક્ષર-૧ક

(જુઓ નિયમ ૯, ૧૦ક, ૧૨)

ચિકિત્સા સંસ્થાના કાયમી રજિસ્ટ્રેશન/ રજિસ્ટ્રેશનના રિન્યૂઅલ/સંચાલન અથવા માલિકીના ફેરફાર માટેનું અરજીપત્રક

<u>સંસ્થાની વિગતો</u>

૧. **ચિકિત્સા સંસ્થાનું નામ: .....**

(ઉપલબ્ધ હોય, તો સત્તામંડળે પૂરો પાડેલ કામચલાઉ/કાયમી) રજિસ્ટ્રેશન નંબર:.....

માન્યતા: ..... સુધી

૨. **ચિકિત્સા સંસ્થાનો પ્રકાર** (કન્સલ્ટિન્ગ રૂમ, ક્લિનિક, પોલી ક્લિનિક, હોસ્પિટલ, ડેન્ટલ ક્લિનિક, ક્લિનિકલ લેબોરેટરી, એક્સ-રે સેન્ટર અને ઈમેજિંગ સેન્ટર): .....

૩. **ચિકિત્સા સંસ્થાનો વર્ગ** (એલોપથી, આયુર્વેદ, સિદ્ધ, હોમિયોપથી, યોગ, નેચરોપથી):.....

૪. સરનામુ:

ગામ/નગર:..... તાલુકો:.....

જિલ્લો:..... રાજ્ય:.....પીન કોડ:.....

ટેલિફોન નં. (એસટીડી કોડ સાથે):..... મોબાઈલ:.....

ઈમેઈલ આઈડી:..... વેબસાઈટ યુઆરએલ એડ્રેસ (કોઈ હોય તો):..

૫. શરૂ કર્યાનું વર્ષ: .....

૬. સેવાઓની માલિકી. (લાગુ પડતું હોય તે તમામ બાબતો ભરવી/નિશાની કરવી)-

જાહેર ક્ષેત્ર

કેન્દ્ર સરકાર	રાજ્ય સરકાર	સ્થાનિક સરકાર (નિર્દિષ્ટ કરવી)
જાહેર ક્ષેત્રનો ઉપક્રમ (અન્ડરટેકિંગ)	રેલવે	કર્મચારી રાજ્ય વીમા નિગમ
સહાયક અનુદાન સંસ્થાઓ	સ્વાયત્ત સંગઠન	મંડળી/બિન-નફાકારક કંપનીઓ

અન્ય કોઈ (નિર્દિષ્ટ કરવી):.....

ખાનગી ક્ષેત્ર

વ્યક્તિગત માલિકી	**ભાગીદારી પેઢી (એલએલપી સહિત)**	**રજિસ્ટર્ડ કંપની**
કેન્દ્રીય, પ્રાંતીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ (મંડળી સહિત) નિગમ (કોર્પોરેશન) (નિર્દિષ્ટ કરવું)		
કેન્દ્રીય, પ્રાંતીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ (સખાવતી સહિત) ટ્રસ્ટ (નિર્દિષ્ટ કરવું)		
વિદેશી સેવા આપનારની શાખા (નિર્દિષ્ટ કરવી)		

અન્ય કોઈ (નિર્દિષ્ટ કરવી):.....

૭. ચિકિત્સા સંસ્થાના માલિક (માલિકો)નું નામ:

નામ:..... સરનામું:.....

ગામ/નગર:..... તાલુકો:.....

જિલ્લો:..... રાજ્ય:..... પીનકોડ:.....

ટેલિફોન નં (એસ.ટી.ડી. કોડ સાથે):..... મોબાઈલ નં:..... ઈમેઈલ આઈડી:....

૮. ચિકિત્સા સંસ્થાનો હવાલો ધરાવતી વ્યક્તિનું નામ, હોદ્દો અને લાયકાત (તે માલિક પ્રમાણે સમાન હોઈ શકશે)

હોદ્દો:..... લાયકાત:.....

રજિસ્ટ્રેશન નં (જીએમસી/આઈએમસી):.....

સરનામું:.....

ગામ/નગર:..... તાલુકો:.....

જિલ્લો:..... રાજ્ય:..... પીનકોડ:.....

ટેલિફોન નં (એસ.ટી.ડી. કોડ સાથે):..... મોબાઈલ નં:..... ઈમેઈલ આઈડી:....

અન્ય કોઈ (નિર્દિષ્ટ કરવી):.....

૯. ચિકિત્સા સંસ્થાનો પ્રકાર: (લાગુ પડતુ હોય ત્યાં ચિહ્ન/નિશાની કરવી)

ક્લિનિક

સિંગલ પ્રેક્ટિશનર	કન્સલ્ટિન્ગ રૂમ	પોલીક્લિનિક
ડેન્ટલ	સાઇકિયાટ્રી	અન્ય કોઇ હોય, તો તે નિર્દિષ્ટ કરવું.

હોસ્પિટલ

જનરલ પ્રેક્ટિસ સર્વિસ	પ્રસૂતિગૃહ
સિંગલ સ્પેશિયાલિટી સર્વિસ	મલ્ટિ સ્પેશિયાલિટી સર્વિસ
સુપર સ્પેશિયાલિટી સર્વિસ	આઈસીયુ/આઈસીસીયુ
આકસ્મિક દુર્ઘટના	નશામુક્તિ હોસ્પિટલ
મનોચિકિત્સા (સાઈકિયાટ્રી) નર્સિંગ હોમ/હોસ્પિટલ	અન્ય કોઇ હોય તો, તે નિર્દિષ્ટ કરવું: ----------

૧૦. ચિકિત્સા સંસ્થા-

(ક) લેબોરેટરી સાથે (સંલગ્ન) છે કે કેમ (તેમ હોય તો, લાગુ પડતું હોય ત્યાં ચિહ્ન/નિશાની કરવી)

પેથોલોજિ (રોગવિજ્ઞાન)	હેમેટોલોજિ (રક્તવિજ્ઞાન)	હિસ્ટોપેથોલોજી
સાયટોલોજિ (કોષવિજ્ઞાન)	જિનેટિક્સ (જનીનશાસ્ત્ર)	સેમ્પલ કલેક્શન સેન્ટર (નમૂના એકત્રિકરણ કેન્દ્ર)
બાયોકેમેસ્ટ્રી (જીવ રસાયણશાસ્ત્ર)	માઈક્રોબાયોલોજી (સૂક્ષ્મ જીવાણુવિજ્ઞાન)	અન્ય કોઇ હોય તો, તે નિર્દિષ્ટ કરવું

ઉપરના (ક) નો જવાબ હા હોય, નીચેની વિગતો પૂરી પાડવી:

- તે સૂચિત કરે તેવા કરવાના પરીક્ષણો

- ઉપલભ્ય સાધન-સામગ્રીની યાદી

- ટેકનિકલ કર્મચારીવર્ગની યાદી (ટિકનિકલ અને સુપરવાઈઝરી બંને)

- પરીક્ષણ અહેવાલો પર સહી કરનાર કર્મચારીઓની યાદી.

(ખ) એક્સ-રે (ક્ષ-કિરણો) અને ઈમેજિંગ સેન્ટર સાથે સંલગ્ન છે કે કેમ (તેમ હોય તો, જે લાગુ પડતું હોય ત્યાં નિશાની કરવી)

પોર્ટેબલ એક્સ રે	કન્વેન્શનલ એક્સ રે	ડિજિટલ એક્સ રે
કમ્પ્યુટેડ રેડિયોગ્રાફી સિસ્ટમ સાથે એક્સ રે	અલ્ટ્રાસાઉન્ડ	કલર ડોપ્લર સાથે અલ્ટ્રાસાઉન્ડ
મેમોગ્રાફી	ઓર્થોપેન્ટોગ્રામ (ઓપીજી)	સીટી સ્કેન
મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ (એમઆરઆઈ)	પોઝિટ્રોન એમિશન ટોમોગ્રાફી (પીઈટી) સ્કેન	બોન ડેન્સિટોમેટ્રી
યુરો-ફ્લોમેટ્રી	અન્ય કોઇ હોય (તે નિર્દિષ્ટ કરવું):	

(ગ) બ્લડ બેંક સાથે સંલગ્ન છે કે કેમ (તેમ હોય તો, જે લાગુ પડતું હોય ત્યાં નિશાની કરવી)

(ક) લોકેશન (સ્થળ) આધારિત

સ્ટેન્ડએલોન (એકલવાયી)	હોસ્પિટલ આધારિત	અન્ય કોઇ હોય તે નિર્દિષ્ટ કરવું :

(ખ) સુવિધાઓ આધારિત (નિર્દિષ્ટ કરવું):

- ફક્ત સંપૂર્ણ બ્લડ સુવિધાઓ ધરાવતી બ્લડ બેંક

- સંપૂર્ણ બ્લડ અને ઘટક સુવિધાઓ ધરાવતી બ્લડ બેંક

- સંપૂર્ણ બ્લડ અને/અથવા બીજી કોઈ વધારાની સુવિધાઓ સાથે ઘટક સુવિધાઓ ધરાવતી બ્લડ બેંક

૧૧. સાધનસામગ્રીઓની યાદી (ફક્ત રૂપિયા દસ હજારથી વધુની કિંમતના એકમ સાથેની આવી સાધન-

સામગ્રીની યાદી પૂરી પાડવી):-

૧૨. ચિકિત્સા પદ્ધતિ: પૂરી પાડવામાં આવતી સેવાઓ (જે લાગુ પડતું હોય ત્યાં નિશાની કરવી.)

(ક) એલોપેથિક સ્પેશિયાલિટી

તબીબી અને સંલગ્ન	સર્જિકલ અને સંલગ્ન	ઓબ્સ્ટ્રેટિક્સ અને ગાયનેકોલોજિ

અન્ય કાંઈ હોય, તો તે નિર્દિષ્ટ કરવું:_____

(ખ) આયુર્વેદ

અનુસઢ ચિકિત્સા	શલ્ય ચિકિત્સા	શોધન ચિકિત્સા	રસાયણ
પથ્ય વ્યવસ્થા	અન્ય કોઈ હોય તો તે નિર્દિષ્ટ કરવું:		

(ગ) યુનાની

માતબ	જરાહત	ઈલાજ-બીટ-તદબીર	હિફઝાન-એ-સેહત

અન્ય કોઈ હોય તો તે નિર્દિષ્ટ કરવું:_____

(ઘ) સિદ્ધ

મરુથુવમ	સિરપ્પુ મરુથુવમ	વર્મમ થોક્કનમ અને યોગ

અન્ય કોઈ હોય તો તે નિર્દિષ્ટ કરવું:_____

(ચ) હોમિયોપેથી

જનરલ હોમિયોપેથી	અન્ય કોઈ હોય તો તે નિર્દિષ્ટ કરવું:_____

(છ) નેચરોપેથી

કુદરતી પદ્ધતિઓ સાથે બાહ્ય ઉપચાર	આંતરિક ઉપચાર

અન્ય કોઈ હોય તો તે નિર્દિષ્ટ કરવું:_____

(જ) યોગ

-અષ્ટાંગ યોગ

અન્ય કોઈ હોય તો તે નિર્દિષ્ટ કરવું:_____

૧૩. સંસ્થાનું ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)

(ક) કુલ ક્ષેત્રફળ:_____ (ખ) બાંધકામનું ક્ષેત્રફળ:_____

૧૪. આઉટ-પેશન્ટ ડિપાર્ટમેન્ટ

આઉટ-પેશન્ટ ડિપાર્ટમેન્ટ ક્લિનિક્સની કુલ સંખ્યા

અનુક્રમાંક	સ્પેશિયાલિટી	રૂમની સંખ્યા

ઈન-પેશન્ટ ડિપાર્ટમેન્ટ

(૧) પથારીની કુલ સંખ્યા:

(ખ) સ્પેશિયાલિટી પ્રમાણે પથારીનું વિતરણ, નિર્દિષ્ટ કરવું:

અનુક્રમાંક	સ્પેશિયાલિટી	પથારીની સંખ્યા

૧૫. જૈવરાસાયણિક કચરાનો નિકાલ (સંચાલન)

(ક) જૈવરાસાયણિક કચરાના પ્રક્રિયાની અને/અથવા નિકાલની પદ્ધતિ

૧. સામાન્ય સુવિધા મારફત

૨. સ્થળ પરની સુવિધા

૩. અન્ય કોઇ હોય (તે નિર્દિષ્ટ કરવું)

(ખ) પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી અધિકૃતતા મેળવવામાં આવી છે કે કેમ?

હા ના અરજી કરેલ છે

૧૬. સ્ટાફ (કર્મચારીવર્ગ)ની કુલ સંખ્યા (અરજીની તારીખે):

કાયમી કર્મચારીવર્ગની સંખ્યા:_____

હંગામી કર્મચારીવર્ગની સંખ્યા:_____

(ક)

કર્મચારીનો વર્ગ	નામ	લાયકાત	રજિસ્ટ્રેશન નંબર	સેવાનો પ્રકાર કાયમી/હંગામી
ડોક્ટર				
નર્સિંગ સ્ટાફ				
પેરા-મેડિકલ સ્ટાફ				
ફાર્માસિસ્ટ				

(ખ) ૧. સપોર્ટ કર્મચારીવર્ગ (સ્ટાફ)ની સંખ્યા:

૨. વહીવટી કર્મચારીવર્ગ (સ્ટાફ)ની સંખ્યા:

૩. અન્ય હોય, તો તે નિર્દિષ્ટ કરવું

૧૭. ચિકિત્સા સંસ્થાએ નીચે મુજબના લાગુ પડતા પ્રમાણપત્રો અપલોડ કરવા જોઈશે:

ક) એનઓસી (ના વાંધા પ્રમાણપત્ર) અથવા યથાપ્રસંગ સક્ષમ સત્તાધિકારી દ્વારા કાઢી આપવામાં આવેલ અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર

ખ) જીપીસીબી દ્વારા કાઢી આપવામાં આવેલ જૈવરાસાયણિક કચરાના નિકાલ(સંચાલન)નું પ્રમાણપત્ર

ગ) એટોમિક એનર્જી રેગ્યુલેશન બોર્ડ (રેડિયોલોજી)ની અધિકૃતિ

ઘ) ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ, ૧૯૮૫ હેઠળનું પ્રમાણપત્ર

ચ) પીસી અને પીએનડીટી (PC & PNDT) અધિનિયમ, ૧૯૯૪ હેઠળની અધિકૃતિ

છ) આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી (રેગ્યુલેશન) અધિનિયમ, ૨૦૨૧ હેઠળનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર

જ) સરોગસી (રેગ્યુલેશન) અધિનિયમ, ૨૦૨૧ હેઠળનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર

ઝ) બ્લડ બેંક માટેનું લાઈસન્સ અથવા બ્લડ સંગ્રહ સુવિધા માટેની અધિકૃતિ

ટ) ચિકિત્સા સંસ્થાના અલગ-અલગ ખૂણેથી લીધેલા ૫ થી ૧૦ ફોટોગ્રાફ્સ

૧૮. રજિસ્ટ્રેશન ફી ચુકવણી માટેના વિકલ્પો:

ચુકવણીનો વિકલ્પ: ઓનલાઈન ટ્રાન્ઝેક્શન

ઓનલાઈન ટ્રાન્ઝેક્શન આઈડી:

રકમ (રૂપિયામાં):

તારીખ:

વિગતો:

હું/અમે આથી જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ નિવેદન મારી/અમારી શ્રેષ્ઠ જાણ મુજબ ખરા અને સાચા છે તેમજ હું/અમે ગુજરાત ચિકિત્સા સંસ્થા (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અને તે હેઠળ કરેલા નિયમોનું પાલન કરીશ/કરીશું.

હું સંપૂર્ણ રીતે સમજું છું કે રજૂ કરેલા દસ્તાવેજોમાંથી કોઈપણ ખોટા હોવાનું જણાય તેવા કિસ્સામાં અથવા એવું જણાય કે મેં ગુજરાત ચિકિત્સા સંસ્થા (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અને નિયમોની કોઈપણ જોગવાઈઓનું પાલન કર્યું નથી, તો સક્ષમ અધિકારી આ અધિનિયમની જોગવાઈઓ મુજબ મને શિક્ષા આપવા અથવા રજિસ્ટ્રેશન રદ કરવા માટે સ્વતંત્ર રહેશે.

સ્થળ:

તારીખ: ચિકિત્સા સંસ્થાના અધિકૃત વ્યક્તિની સહી

.....

પાવતી

.....તરફથી રજિસ્ટ્રેશન માટેની અરજી મળેલ છે

સીડીએમઓ/સીડીએચઓ/સુપરિન્ટેન્ડન્ટ/અધિકૃત વ્યક્તિની સહી

નામ:

સીલ સાથે તારીખ:

૧૧. સદરહુ નિયમોમાં, એનેક્ષર ૮ પછી, નીચેના એનેક્ષર ઉમેરવા:-

"એનેક્ષર-૯

(જુઓ નિયમ ૮ક)

ક. એલોપેથી પદ્ધતિ

૧. કન્સલ્ટિંગ રૂમ.-

(૧) **માળખું (બાંધકામ)**- કન્સલ્ટિંગ રૂમ પ્રકાશ અને હવા-ઉજાસ સાથે પૂરતી જગા ધરાવતો હોવો જોઈશે. પરામર્શ (કન્સલ્ટેશન) માટેની રાહ જોતાં દર્દીઓ માટે અલગથી જગ્યા પૂરી પાડવાની રહેશે.

(૨) **કર્મચારીવર્ગ (સ્ટાફ)**- દર્દીની તપાસ અને સારવારનું પ્રિસ્ક્રીપ્શન (દવા-ચિઠ્ઠી) ફક્ત લાગુ પડતા ભારતીય મેડિકલ કાઉન્સિલ અધિનિયમ/રાષ્ટ્રીય મેડિકલ કમિશન અધિનિયમ હેઠળ ફરમાવ્યા પ્રમાણે નોંધાયેલ તબીબી વ્યવસાયીએ જ કરવું.

(૩) **સાધનસામગ્રી**- સંબંધિત સ્પેશિયાલિટી અનુસાર સાધન-સામગ્રી અને હોસ્પિટલની સહાયક-સામગ્રી કન્સલ્ટિંગ રૂમમાં ઉપલબ્ધ હોવી જોઈશે.

(૪) **પ્રિસ્ક્રીપ્શન સ્લિપ (દવા-ચિઠ્ઠી)**- ડોક્ટરે, તારીખ અને સંબંધિત કાઉન્સિલના રજીસ્ટ્રેશન નંબર અને દર્દી સંમત થાય તો, એબીએચએ નંબર (ABHA) ધરાવતી પ્રિસ્ક્રીપ્શન સ્લિપ પર સહી કરવી જોઈશે.

૨. **ચિકિત્સાલય (ક્લિનિક)**.- કન્સલ્ટિંગ રૂમ માટે ઠરાવેલા ધોરણો ઉપરાંત, નીચેનાં ધોરણો પરીપૂર્ણ કરવાં જોઈશે:-

(૧) **મકાન**- એનાફિલેક્સિસના કિસ્સામાં દર્દીને નિરીક્ષણ હેઠળ રાખવા માટે અથવા ઈન્ટ્રવીનસ ડ્રિપ (પ્રવાહી) આપવા માટે અથવા નિરીક્ષણ વગેરે માટે પૂરતી જગ્યા ઉપલભ્ય હોવી જોઈશે.

(૨) **કર્મચારીવર્ગ (સ્ટાફ)**- ઓછામાં ઓછા એક નોંધાયેલ તબીબી વ્યવસાયી (આરએમપી) અને લાયકાત ધરાવતા પેરા-મેડિકલ સ્ટાફ.

(૩) **સાધનસામગ્રીઓ**- ચિકિત્સાલયમાં પૂરી પાડવામાં આવતી સેવા મુજબ જરૂરી તમામ સાધન-સામગ્રીઓ હોવા જોઈશે.

(૪) **કચરાનો નિકાલ**- ભારત સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ધોરણો મુજબ જૈવરાસાયણિક કચરા સહિતના કચરાને અલગ પાડવા અને તેનો નિકાલ કરવાની સુવિધાઓ.

(૫) **દવાની વહેંચણી**- ચિકિત્સાલય, દર્દીઓને દવાની વહેંચણી પણ કરતું હોય, તો તે માત્ર ચિકિત્સાલયના લાયક ફાર્માસિસ્ટ દ્વારા અથવા ચિકિત્સાલયના નોંધાયેલ તબીબી વ્યવસાયી (આરએમપી) દ્વારા અથવા તેની સીધી દેખરેખ હેઠળ થવી જોઈશે.

(૬) **ચિકિત્સાલયમાં લેબોરેટરી**- ચિકિત્સાલય લેબોરેટરીની સેવાઓ પૂરી પાડતું હોય, તો લેબોરેટરીના કાર્યની દેખરેખ અને મંજૂરી, એનેક્ષર-૯માં નિર્દિષ્ટ કરેલ લાયક વ્યક્તિ દ્વારા થવી જોઈશે.

(૭) **એક્સ-રે/સીટી સ્કેન/એમઆરઆઈ (રેડિયોગ્રાફ)**- ચિકિત્સાલય રેડિયોગ્રાફ યુનિટ ધરાવતું હોય, તો રેડિયોગ્રાફ, રેડિયોલોજિસ્ટ અથવા સક્ષમ ડોક્ટર અથવા નિયમનકારી જરૂરિયાતોનું પાલન કરતી સક્ષમ વ્યક્તિ દ્વારા લેવો જોઈશે.

(૮) **સામાન્ય શસ્ત્રક્રિયાઓ (માઈનોર સર્જરી)**- સિસ્ટ એક્ઝિશન, મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નાન્સિ (તબીબી ગર્ભપાત), ડિલેટેશન એન્ડ ક્યુરેટેજ (D&C) જેવી નાની શસ્ત્રક્રિયાઓ અથવા નાની શલ્ય પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવતી હોય તે કિસ્સામાં, નાના ઓપરેશન થિયેટર માટે આપવામાં આવેલ હેતુ અને સુવિધાઓ માટે જંતુરહિત ઓરડો ધરાવતા હોવાનું સલાહભર્યું છે.

૩. **પોલિક્લિનિક (બહુવિધ ચિકિત્સાલય)**- (૧) ચિકિત્સાલય અને કન્સલ્ટિંગ રૂમ માટે ઠરાવેલા ધોરણો ઉપરાંત, એક સાથે ઉપયોગ થતો હોય તો તેવી દરેક સ્પેશિયાલિટી માટે, અલગ ક્યુબિકલ્સ/રૂમ/જગ્યા ઉપલભ્ય કરાવવી જોઈશે.

(૨) દર્દીઓ માટે પ્રતીક્ષાલય અને પીવાના સુરક્ષિત પાણીની સુવિધા અને શૌચાલય માટે પૂરતી જગ્યા ઉપલભ્ય કરાવવી જોઈશે. હાજરી આપતા જુદાજુદા નોંધાયેલા તબીબી વ્યવસાયીના (RMP) નામો પ્રતીક્ષાલયમાં પ્રદર્શિત કરવા જોઈશે.

૪. **હોસ્પિટલ**-

(૧) **માળખું (ઈન્ફાસ્ટ્રકચર)**- ક્લિનિક (ચિકિત્સાલય), કન્સલ્ટિંગ રૂમ અને પોલિક્લિનિક (બહુવિધ ચિકિત્સાલય) માટે ઠરાવેલા ધોરણો ઉપરાંત, દર્દીઓ/તેમની સાથે આવતા લોકો માટે, પૂરતી જગ્યા ધરાવતો વેઈટિંગ રૂમ (પ્રતીક્ષાલય) ઉપલભ્ય કરાવવો જોઈશે.

(૨) **વોર્ડ અથવા ઈન-પેશન્ટ રૂમ ક્લસ્ટર**-

(ક) **જગ્યા**-

(૧) વોર્ડ અથવા ઈન-પેશન્ટ રૂમ પૂરતી હવા-ઉજાસ અને પ્રકાશ સાથે ધરાવતો હોવો જોઈશે. દરેક રૂમમાં એક ઈલેક્ટ્રીક પંખો આપવો જોઈશે અને કોમન રૂમ માટે ઓછામાં ઓછી બે પથારી માટે એક પંખો આપવો જોઈશે.

(૨) શૌચાલયો ભેગા અથવા અલગ રાખી શકાશે, પરંતુ તે સ્વચ્છ હોવા જોઈશે અને પાણીની જોગવાઈ હોવી જોઈશે.

(૩) ચિકિત્સા સંસ્થાને દિવસમાં ઓછામાં ઓછા બે વાર એન્ટિસેપ્ટિક પ્રવાહીથી સાફ કરવા માટે સફાઈની વ્યવસ્થા કરવી જોઈશે.

(ખ) **કર્મચારીવર્ગ (સ્ટાફ)**-

- દર ત્રીસ પથારી માટે એક લાયકાત ધરાવતો આરએમપી (RMP)
- ત્રીસ પથારી સુધી રાત્રી દરમિયાન અને ફરજના કલાકો બાદ ફરજ (કોલ ડ્યુટી) પર એક આરએમપી હોવો જોઈશે.
- દરેક ત્રીસ પથારી માટે અને તેનાથી વધુ માટે જનરલ સાઈડ ચોવીસ કલાક ફરજ પરના આરએમપી હોસ્પિટલમાં વ્યક્તિગત રીતે ઉપલભ્ય હોવા જોઈશે.
- હોસ્પિટલમાં ત્રીસથી ઓછી પથારી (બેડ) હોય, પરંતુ જો ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઇસીયુ) કાર્યરત હોય, તો દર દસ આઈસીયુ પથારી (બેડ) દીઠ એક આરએમપી ચોવીસ કલાક ફરજ પર ઉપલભ્ય હોવા જોઈશે.

(૨) **નર્સ**- ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા ઠરાવેલ ધોરણો અનુસાર પથારીની ક્ષમતાદીઠ લાયકાત ધરાવતા નર્સની જરૂરી સંખ્યામાં હોવી જોઈશે.

હોસ્પિટલમાં કામ કરતા પ્રશિક્ષિત કર્મચારીઓની કોઈ સંખ્યાની ઉપલભ્યતાની હકિકતને ધ્યાનમાં લીધા સિવાય ઉપર્યુક્ત માનવ સંસાધન લઘુત્તમ આવશ્યકતા છે.

(૩) **અટેન્ડન્ટ (પરિચર)**- આરએમપી અને નર્સને તેમની ફરજો જેવી કે દર્દીઓનું ડ્રેસિંગ, એનિમા અને શસ્ત્રક્રિયા (સર્જરી), ડિલિવરી વગેરે માટે તૈયારીમાં મદદ કરવા માટે પથારી (બેડ)ના સંખ્યાબળ આધારે પુરૂષ અને સ્ત્રી એટેન્ડન્ટ્સ પૂરતી સંખ્યામાં રાખવા જોઈશે, પરંતુ તેમને ઈન્જેક્શન આપવાનું કામ અથવા ટાંકા લેવાનું વગેરે કામ આપવું જોઈશે નહિ. તેઓ નર્સની દેખરેખ હેઠળ કામ કરશે.

(૪) **ઈન્ફેક્શન કંટ્રોલ (ચેપ નિયંત્રણ) ઓડિટ.**- ૩૦થી વધુ પથારી (બેડ) ધરાવતી હોસ્પિટલો માટે દર ૩ મહિને એકવાર ત્રાહિત પક્ષ એજન્સી મારફત ઈન્ફેક્શન કંટ્રોલ (ચેપ નિયંત્રણ)નું ઓડિટ કરાવવાનું ફરજિયાત રહેશે. ઈન્ફેક્શન કંટ્રોલ (ચેપ નિયંત્રણ)ના ઓડિટનો ઓડિટ અહેવાલ, સંસ્થામાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૩) **અન્ય સેવાઓ.**-

(ક) **ફાર્મસી.**- દર્દીઓને દવાઓ આપવા માટે હોસ્પિટલમાં ફાર્મસી રાખવામાં આવી હોય, તો તે ફક્ત રજિસ્ટર્ડ લાયકાત ધરાવતા ફાર્માસિસ્ટ દ્વારા જ આપવી જોઈશે અને તેણે કોઈપણ દવાઓ લખવી જોઈશે નહીં.

(ખ) **લેબોરેટરી.**-

હોસ્પિટલ લેબોરેટરીની સુવિધા પૂરી પાડતી હોય, તો લેબોરેટરીના કાર્યની દેખરેખ અને મંજૂરી, એનેક્ષર-૯માં નિર્દિષ્ટ કરેલ લાયકાત ધરાવતી વ્યક્તિ દ્વારા થવી જોઈશે.

(ગ) **એક્સ-રે (રેડિયોગ્રાફ).**- એક્સ-રે વિભાગે આ એનેક્ષરના ભાગ-૮માં ઠરાવેલા ધોરણો સુનિશ્ચિત કરવાં જોઈશે.

(ઘ) **બ્લડ બેંક.**- હોસ્પિટલ દ્વારા બ્લડ બેંક નિભાવવામાં આવતી હોય, તો તેણે, ભારત સરકાર (એટલે કે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ, ૧૯૪૦) દ્વારા વખતોવખત ઠરાવવામાં આવેલ ધોરણો/જરૂરિયાતો સુનિશ્ચિત કરવી જોઈશે.

(ચ) **એમ્બ્યુલન્સ.**- પચાસથી વધુ પથારી ધરાવતી તમામ હોસ્પિટલમાં ડ્રાઈવર સાથે એમ્બ્યુલન્સ ઉપલભ્ય હોવી જોઈશે અથવા વૈકલ્પિક રીતે તેઓ એમ્બ્યુલન્સ અથવા અમુક એમ્બ્યુલન્સ સેવા યુનિટ ધરાવતી અન્ય હોસ્પિટલ સાથે જોડાણની વ્યવસ્થા ધરાવતા હોવા જોઈશે તે ઈચ્છનીય છે.

(છ) **કેટરિંગ અને કેન્ટીન (ભોજન વ્યવસ્થા અને ઉપાહારગૃહ).**- કેટરિંગની વ્યવસ્થા ઉપલભ્ય હોય, તો રસોડું સ્વચ્છ હોવું જોઈશે અને રસોઈયાની સમયાંતરે તબીબી તપાસ કરવી જોઈશે. વખતોવખત બહાર પાડયા પ્રમાણે એફએસએસએઆઈ (FSSAI)ના ધોરણોનું પાલન કરવું જોઈશે. કેન્ટીન અને રસોડામાં સ્વચ્છતાકાર્ય જાળવવુ જોઈશે.

(જ) **દાખલ કરેલા દર્દીઓના પરિચર માટે વિશ્રામખંડની સુવિધા:** ૫૦થી વધુ પથારી ધરાવતી દરેક હોસ્પિટલે, દર્દીઓના પરિચારકો જ્યાં શાંતિથી ભોજન લઈ શકે અથવા રાહ જોઈ શકે તે માટે એક વિશ્રામખંડ પૂરો પાડવો જોઈશે.

(ઝ) **સામાન્ય સુવિધાઓ-**

(૧) **જૈવરાસાયણિક કચરાનો નિકાલ-** ભારત સરકારે અથવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે વખતોવખત બહાર પાડેલા ધોરણો અને માર્ગદર્શિકા મુજબ જૈવરાસાયણિક કચરાનો નિકાલ કરવો જોઈશે. આ તબક્કે કચરાનું યોગ્ય વર્ગીકરણ સુનિશ્ચિત કરવું જોઈશે.

(૨) **રેકર્ડની નિભાવણી-**

તમામ તબીબી રેકર્ડ, રાષ્ટ્રીય તબીબી આયોગ (નેશનલ મેડિકલ કમિશન)-એ પ્રકાશિત કરેલા દ્વારા પ્રકાશિત અને વખતોવખત સુધારેલા મેડિકલ એથિક્સ રેગ્યુલેશન ૨૦૦૨ના નિયમસંગ્રહ મુજબ જાળવવા જોઈશે.

(૪) **શબઘર રૂમ-** સો કરતાં વધુ પથારી ધરાવતી હોસ્પિટલ, મૃત શરીરો માટે શબઘર રૂમ અથવા ફ્રીજર બોક્સની સુવિધાઓ ધરાવતી હોવી જોઈશે.

(૫) **પાણીનો પુરવઠો-** પીવાલાયક પાણીનો પુરવઠો ઉપલબ્ધ કરાવવો જોઈશે. ગરમ પાણી પણ પૂરું પાડવું જોઈશે.

(૬) **કપડાં અને ચાદર-** દર્દીઓ માટે વપરાતી પથારીની ચાદર (બેડ શીટ) અને અન્ય કપડાં દરરોજ બદલવાં જોઈશે.

(૭) **અગ્નિશામક-** અગ્નિશામક પ્રણાલી અથવા ઉપકરણો સરકારી માર્ગદર્શિકા મુજબ લાગુ પડતું હોય તેમ સ્થાપિત કરવા જોઈશે અથવા સક્ષમ અધિકારી પાસેથી ફાયર એનઓસી (NOC) મેળવવું જોઈશે.

(૮) **ગુણવત્તાની ખાતરી-** હોસ્પિટલમાં કામ કરતા ડોક્ટરનાં નામ અને હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધાઓ, હોસ્પિટલમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ અથવા હોસ્પિટલની વેબસાઈટ પર લેખિતમાં પ્રદર્શિત કરવી જોઈશે. હોસ્પિટલ દર્દીઓને પૂરી પાડવામાં આવતી તેની દરેક સેવાઓમાં ગુણવત્તા જાળવવાનો પ્રયાસ કરશે.

(૯) **સલામતી-** દર્દીઓ, મુલાકાતીઓ, કર્મચારીવર્ગ અને તેમની મિલકતોની સલામતી સુનિશ્ચિત કરવા માટે હોસ્પિટલે યોગ્ય રક્ષણાત્મક પગલાં લેવાં જોઈશે.

(૧૦) **હોસ્પિટલ એસેસરીઝ-** હોસ્પિટલમાં વ્હીલ ચેર, ટ્રોલી, સ્ટ્રેચર વગેરે પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ કરાવવા જોઈશે.

(૧૧) **અવિરત વીજ પુરવઠો-** વીજળીનો પુરવઠો બંધ થઈ જાય તે સમય દરમિયાન આવશ્યક સેવાઓ જાળવવા માટે જનરેટર અથવા અવિરત વીજ વ્યવસ્થા પૂરી પાડવી જોઈશે.

(૧૨) **લેબર રૂમ (પ્રસૂતિખંડ)-** હોસ્પિટલ લેબર રૂમની જાળવણી કરતી હોય અને પ્રસૂતિ કરાવતી હોય, તો તેમાં નીચેના ધોરણો હોવા જોઈશે,

(ક) **મકાન:-** દર્દીને પ્રસૂતિ માટે તૈયાર કરવા, એનિમા વગેરે આપવા માટે, પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો ધરાવતો ઓરડો હોવો જોઈશે. પૂરતા પ્રકાશ સાથે યોગ્ય રીતે હવા-ઉજાસવાળો લેબર રૂમ ૧૨૦ ચોરસ ફૂટથી ઓછો હોવો જોઈશે નહિ. નવજાત બાળકને રાખવા અને તેના રિસસિટેશન (સક્રિયતા) માટે જગ્યા આવશ્યક છે.

(ખ) **કર્મચારીવર્ગ (સ્ટાફ):-** પ્રસૂતિ, ખાસ કરીને, લાયકાત ધરાવતા આરએમપી (RMP) દ્વારા હાથ ધરાવી જોઈશે. અન્યથા લાયક નર્સ, સહાયક નર્સ, દાયણ (મિડવાઈફ) પણ તે કરી શકશે. અપ્રશિક્ષિત વ્યક્તિઓને આ કામ સોંપવું જોઈશે નહિ. નર્સ/સહાયક નર્સ, દાયણ (મિડવાઈફ) પ્રસૂતિ કરાવે તો પણ, આરએમપી (RMP) કોઈપણ આકસ્મિક સમયે અથવા નવજાતના રિસસિટેશન (સક્રિયતા) માટે ફોન પર હાજર રહેવું જોઈશે. લેબર વોર્ડ, પ્રસૂતિ હોસ્પિટલમાં હોય અને નિયમિત પ્રસૂતિઓ થતી હોય, તો ફરજ બજાવતા આરએમપી(RMP) ફરજિયાત ચોવીસ કલાક ઉપલબ્ધ રહેવા જોઈશે. બાળરોગ ચિકિત્સક જરૂર પડ્યે હાજર (ફોન પર) ઉપલબ્ધ રહે તે ઇચ્છનીય છે.

(ગ) **સાધનસામગ્રી:-** નીચેની સાધનસામગ્રી અને હોસ્પિટલની એસેસરીઝ ઉપલબ્ધ હોવી જોઈશે:-

- લિથોટોમિક સ્ટેન્ડ સાથેનું લેબર ટેબલ
- વેન્ટ માસ્ક સાથેનું ઓક્સિજન સિલિન્ડર
- સાધન-સામગ્રી સાથે પી.વી. ટ્રે
- વેક્યુમ એક્ટ્રેક્ટર/ફોરસેપ્સ ડિલિવરી સેટ

- સ્ટેરાઈલ કોર્ડ ક્લેમ્પ
- સક્શન એપરેટ્સ
- બેબી રિસસિટેશન સેટ
- બેબી વોર્મર (પ્રકાશથી પણ તેમ થઈ શકશે)
- અન્ય કોઈ જરૂરી સાધનસામગ્રી અથવા આ નિયમો હેઠળ રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી સાધનસામગ્રી.

(ઘ) દવાઓ (નીચે દર્શાવેલ દવાઓ/ઈન્જેક્શન અથવા તેમના જેનરિક અથવા અન્યથા સમકક્ષ ક્ષાર વ્યુત્પન્નો)-

-ઈન્જે. મિથાઈલ ઈરર્ગોમેટ્રિન	-ઈન્જે. મેગ્નેશિયમસલ્ફેટ
-ઈન્જે. ઓક્સિટોસિન	-એબ્સોર્બેબલ સૂચર મટેરિયલ
-ઈન્જે. કાર્બોપ્રોસ્ટ ટ્રોમેથામિન	-ઈન્જે.ડાઈઝેપામ
-આઈ.વી. ફ્લુઈડ્સ	-૨% લિગ્નોકાઈન
-ટેબ.મિસોપ્રોસ્ટોલ૧૨૦૦mcg	-ઈન્જે. વિટામિન કે
-ઈન્જે.ફિનિટોઈન સોડિયમ	-ઈન્જે. ટિટેનસ ટોક્સોઈડ

અને આ નિયમો હેઠળ રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી અન્ય કોઈ દવાઓ.

(ચ) રેકર્ડ.-

(૧) જન્મ રજિસ્ટર

(૨) બર્થ ઈન્ટિમેશન સ્લીપ (જન્મની જાણ કરવાની સ્લીપ)

(૩) કેસ શીટ્સ અને નોંધોની નોંધ કરવી જોઈશે

(૪) બાળકોની અદલા-બદલી રોકવા માટે શિશુઓ અને માતાઓનું રજિસ્ટર

(૧૩) ઓપરેશન થિયેટર.-

(ક) માઈનોર (નાના) ઓપરેશન થિયેટર.- જ્યાં સેપ્ટિક કેસો અને નાની શસ્ત્રક્રિયાઓ (સર્જરી) જેવી કે ફોલ્લો, ચીરો અને ડ્રેનેજ (આઈએન્ડડી) અને અન્ય સેપ્ટિક કેસો વગેરે હાથ ધરવામાં આવે છે.

(૧) જગ્યા.- પૂરતા પ્રકાશ અને હવા-ઉજાસ સાથેની ૧૦૦ ચોરસ ફૂટ કરતાં ઓછી ન હોય તેવી - પૂરતી જગ્યા.

(૨) સ્ટાફ (કર્મચારીવર્ગ).- નાના ઓપરેશન થિયેટરમાં તમામ સર્જરી ફક્ત લાયક ડોક્ટર દ્વારા જ હાથ ધરવી જોઈશે. તેમ છતાં લાયકાત ધરાવતા નર્સ અથવા તાલીમબદ્ધ નર્સ દ્વારા ડ્રેસિંગ કરી શકાશે.

(૩) સાધન-સામગ્રી-

- ઓપરેશન ટેબલ.
- સ્ટરિલાઈઝર/ઓટો ક્લેવ
- માઈનોર સર્જિકલ ઈક્વિપમેન્ટ્સ (નાની શસ્ત્રક્રિયાઓ માટેનાં સાધનો)
- રિઝનલ એનેસ્થેસિયા ઈક્વિપમેન્ટ્સ
- જરૂરી હોય તેવી દવાઓ
- આપાતકાલ માટેની દવાઓ

- ઓક્સિજન સિલિન્ડર, નાઈટ્રસ ઓક્સાઈડ સિલિન્ડર સહિત એનેસ્થેસિયા એપરેટ્સ
- સક્શન એપરેટ્સ
- બેબી રિસસિટેશન સેટ
- અન્ય કોઇ જરૂરી સાધનસામગ્રી અથવા આ નિયમો હેઠળ રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી સાધનસામગ્રી.

(૪) **રેકર્ડ.-** માઈનોર ઓપરેશન થિયેટરમાં કરવામાં આવેલી તમામ શસ્ત્રક્રિયાઓનો રેકર્ડ, રજીસ્ટરમાં નોંધાયેલો હોવો જોઈશે.

(ખ) મેજર ઓપરેશન થિયેટર.-

(૧) **જગ્યા.-** (મેજર (મોટા) ઓપરેશન થિયેટર) ઓછામાં ઓછી ૧૫૦ ચોરસ ફૂટ પૂરતી જગ્યા ધરાવતું, પૂરતા પ્રકાશવાળું, ઈચ્છનીય રીતે વાતાનુકૂલિત હોવું આવશ્યક છે. ઓપરેટિંગ રૂમ સિવાય, દર્દીની પ્રતિક્ષા માટે અને ઓપરેશન પછી સાજા થવા માટે પૂરા પાડેલા ખાટલા માટેની જોગવાઈ હોવી જોઈશે. ઓટોક્લેવ અને સ્ટરિલાઈઝેશન અને સ્ક્રબીંગ માટે પૂરતી જગ્યા ઉપલભ્ય હોવી જોઈશે. સ્ક્રબ રૂમમાં પાણી માટે નળની વ્યવસ્થા હોવી જોઈશે, ઓપરેશન થિયેટરના ફ્યુમિગેશન માટે પૂરતી વ્યવસ્થા હોવી જોઈશે. મહિનામાં ઓછામાં ઓછું એક વાર ઓપરેશન થિયેટરમાંથી કલ્ચર માટે સ્વેબ લેવો.

(૨) **કર્મચારીવર્ગ (સ્ટાફ)**- ઓપરેશન થિયેટરમાં એક લાયકાત ધરાવતા નર્સ નર્સિંગ સ્ટાફના વડા રહેશે. લાયકાત ધરાવતા એનેસ્થેટિસ્ટ દ્વારા એનેસ્થેસિયા આપવું જોઈશે. સર્જરી (શસ્ત્રક્રિયાઓ) ફક્ત લાયક ડોક્ટર દ્વારા જ હાથ ધરવી જોઈશે.

(૩) **સાધનસામગ્રીઓ-**

- ઓપરેશન ટેબલ
- પૂરતા ઓક્સિજન, નાઈટ્રસ ઓક્સાઈડ સિલિન્ડર સહિત એનેસ્થેસિયા એપરેટ્સ
- મલ્ટિપેરા મોનિટર્સ
- ડિફિબ્રિલેટર
- સક્શન એપરેટ્સ (બે ઈચ્છનીય)
- ઓટોક્લેવ
- સ્પેશિયાલિટી પ્રમાણે સર્જરી (શસ્ત્રક્રિયા) માટે સર્જિકલ ઈક્વિપમેન્ટ્સ (શસ્ત્રક્રિયા માટેની સાધન-સામગ્રી)
- રિસસિટેશન ઈક્વિપમેન્ટ અને દવાઓ
- અન્ય કોઇ જરૂરી સાધનસામગ્રી અથવા આ નિયમો હેઠળ રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી સાધનસામગ્રી.

(૪) **રેકર્ડ.-** કરવામાં આવેલ તમામ સર્જરી (શસ્ત્રક્રિયાઓ)નો રેકર્ડ દર્દીના નામ, ઉમર, લિંગ, દર્દીનું સરનામું અને જેમણે સર્જરી કરી હોય તે સર્જન, એનેસ્થેટીસ્ટ અને સ્ટાફ નર્સના નામો એક રજિસ્ટરમાં નોંધવા જોઈશે. બાયોપ્સી રિપોર્ટ, કોઈ હોય, તો તે પણ નોંધવાનો રહેશે.

(૧૪) **સઘન સંભાળ એકમ (ઈન્ટેન્સિવ કેર યુનિટ).** - સો કરતાં વધુ પથારી ધરાવતા તમામ નર્સિંગ હોમ અથવા હોસ્પિટલોમાં સઘન સંભાળ એકમ નિભાવવું ફરજિયાત છે. નીચે મુજબના ધોરણો જાળવવાના રહેશે:-

(ક) **જગ્યા** - પૂરતા પ્રકાશ (લાઈટિંગ) સાથે સારી રીતે વેન્ટિલેટેડ (હવાની અવરજવરવાળો) ખાસ કરીને એર કન્ડિશન્ડ રૂમ આવશ્યક છે. ચાર આઈસીયુ પથારીઓ માટે, ઓછામાં ઓછી ૨૪૦ ચોરસ ફૂટની જગ્યા અને આઈસીયુ પથારીની સંખ્યા વધુ હોય તો તેના પ્રમાણસર વધુ જગ્યા રાખવાની રહેશે. વેન્ટિલેટરો અને મોનિટરો રાખવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ય રાખવી. ફરજ પરના આરએમપી અને નર્સ માટે જગ્યા પણ ઉપલબ્ય રાખવી જોઈશે. ઈન્ટેસિવ કેર યુનિટની બહાર એટેન્ડન્ટ માટે જોગવાઈ રાખવી જોઈશે.

(ખ) **કર્મચારીવર્ગ (સ્ટાફ)**- દિવસના સમય માટે દર દસ પથારી દીઠ એક ડૉક્ટર. દસથી વધુ પથારી હોય, તો વધારાની દર દસ પથારી દીઠ એક વધારાનો ડૉક્ટર. રાત્રિના સમય માટે પણ આવી જ જોગવાઈ કરવી જોઈશે.

(ગ) **નર્સ** - ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા ઠરાવેલ ધોરણો અનુસાર પથારીની ક્ષમતા માટે લાયકાત ધરાવતી નર્સોની જરૂરી સંખ્યામાં હોવી જોઈશે.

(ઘ) **સાધનસામગ્રી** -

- ઈન્ટેન્સિવ કેર યુનિટ પથારી
- વેન્ટિલેટર્સ
- મલ્ટિપેરા મોનિટર્સ
- ડિફિબ્રિલેટર
- સક્શન ઉપકરણ
- ઓક્સિજન સપ્લાય (સિલિન્ડર અથવા સેન્ટ્રલ સપ્લાય)
- રિસસિટેશન સાધનો અને દવાઓ
- તમામ જરૂરી દવાઓ
- અવિરત વીજ પુરવઠો
- કોઈપણ અન્ય જરૂરી સાધનસામગ્રી અથવા આ નિયમો હેઠળ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત ઠરાવ્યા મુજબના સાધનસામગ્રી.

(ચ) **રેકર્ડ.**- ઈન્ટેન્સિવ કેર યુનિટમાંના દર્દીઓનો રેકર્ડ, મેન્યુઅલ (હાથે બનાવેલું) રજિસ્ટરમાં અથવા ઈલેક્ટ્રોનિક સ્વરૂપે તેમની માંદગી, આપવામાં આવેલી સારવાર, મુલાકાત લેનારા નિષ્ણાતો, જવા-આવવા (આઉટ કમ) વગેરેને લગતો ઉપલબ્ય રાખવો જોઈશે.

(૧૫) **હોસ્પિટલમાં મેડિકલ રેકર્ડની જાળવણી.**- લાગુ પડતો હોય તેવો નીચેનો રેકર્ડ જાળવવો જોઈશે:-

(૧) પ્રવેશ અને ડિસ્ચાર્જ રજિસ્ટર.

(૨) કેસ શીટ્સ

(૩) રેફરલ્સ

(૪) ચેપી અને સંસર્ગજન્ય રોગ રજિસ્ટર.

(૫) રસીકરણ (રોગ-પ્રતિરક્ષણ)ની વિગતો

(૬) કુટુંબ કલ્યાણ સેવાઓ

(૭) મેડીકો લીગલ રેકર્ડ

(૮) માતાના મૃત્યુનું રેકર્ડ

(૯) શિશુના મૃત્યુનો રેકર્ડ

(૧૦) ૧ થી ૫ વર્ષના બાળ મૃત્યુનું રેકર્ડ

(૧૧) જન્મ અને મૃત્યુ રજિસ્ટર (મૃત્યુના કારણ સાથે)

(૧૨) ભારત સરકાર અથવા ગુજરાત સરકારના કોઈ અન્ય અધિનિયમ/નિયમો-વિનિયમો હેઠળ સરકાર ફરમાવે તેવું કોઈપણ અન્ય રેકર્ડ.

(૧૩) ઉપર ઉલ્લેખેલ તમામ રેકર્ડ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે રાખી શકાશે અને સરકારી સત્તાધિકારીઓએ વખતોવખત નક્કી કરેલા જાહેર આરોગ્ય રેકર્ડ સાથે જોડી શકાશે.

૫. ડેન્ટલ ક્લિનિક.-

(૧) **મકાન.**- કન્સલ્ટિંગ રૂમ (ઓરડો), ડેન્ટલ ચેર સાથે હોય, તો તે, ઓછામાં ઓછી ૧૦૦ ચોરસ ફૂટ જેટલી પૂરતી જગ્યા ધરાવતો હોવો જોઈશે. રૂમ સારી રીતે વેન્ટિલેટેડ (હવાની અવરજવર ધરાવતો) હોવો જોઈશે અને લાઈટિંગ (પ્રકાશ)ની પૂરતી વ્યવસ્થા હોવી જોઈશે. સ્ટરીલાઈઝર (જંતુમુક્ત કરનાર) અને ટ્રે રાખવા માટેની જગ્યા પૂરી પાડવી જોઈશે. કન્સલ્ટિંગ રૂમની બહાર દર્દીની પ્રતિક્ષા માટે પૂરતી જગ્યા હોવી જોઈશે.

(૨) **કર્મચારીવર્ગ (સ્ટાફ).**- ભારતીય દંત ચિકિત્સક અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના કેન્દ્રીય અધિનિયમ ૧૬મા) મુજબ ડેન્ટલ સર્જરી, કન્સલ્ટેશન અને પ્રિસ્ક્રિપ્શન ફક્ત લાયક ડેન્ટલ સર્જન દ્વારા જ કરવું જોઈશે. ઈન્જેક્શન અને લોકલ એનેસ્થેસિયા આપવાની વ્યવસ્થા એનેસ્થેટીસ્ટ ઉપરાંત ડેન્ટલ સર્જન દ્વારા જાતે જ કરી શકાશે. લાયકાત ધરાવતા રેડિયોગ્રાફર અથવા દંત ચિકિત્સક દ્વારા એક્સ-રે લેવામાં આવશે.

(૩) **સાધનસામગ્રી-**

(ક) ડેન્ટલ ચેર(ખુરશી)

(ખ) સર્જરી માટે પાણીની જોગવાઈ

(ગ) સ્ટરીલાઈઝર (જંતુમુક્ત કરનાર)

(ઘ) જંતુરહિત કોટન ગોઝ વગેરે માટેનો ડબ્બો

(ચ) સાધનો સાથેની ટ્રે

(છ) દાંતના સાધનો

(જ) ડેન્ટલ એક્સ-રે (ઈચ્છનીય)

(ઝ) કોઈપણ અન્ય જરૂરી સાધનો અથવા આ નિયમો હેઠળ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત ઠરાવ્યા પ્રમાણેના સાધનો.

(૪) **રેકર્ડ** - નિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અલગ રેકર્ડ જાળવવાનું રહેશે.

૬. ડેન્ટલ હોસ્પિટલ્સ - બહારના દર્દીઓનો (આઉટ-પેશન્ટ) વિભાગ. ડેન્ટલ હોસ્પિટલના આઉટપેશન્ટ વિભાગે ડેન્ટલ ક્લિનિક માટે ઠરાવેલા ધોરણોની પુષ્ટિ કરવાની રહેશે. વધુમાં, દર્દીઓ માટે યોગ્ય વેઈટિંગ રૂમ (પ્રતીક્ષાલય) પૂરો પાડવાનો રહેશે. વોર્ડ, ઓપરેશન થિયેટર અને અન્ય બાબતો, નર્સિંગ હોમ્સ અને હોસ્પિટલો માટે ઠરાવેલા ધોરણો મુજબ હોવા જોઈશે.

૭. ક્લિનિકલ લેબોરેટરીઝ- ક્લિનિકલ લેબોરેટરીઝમાં, ક્લિનિકલ લેબોરેટરી, પેથોલોજીકલ લેબોરેટરી, રેડિયોલોજીકલ સેન્ટર્સ, જિનેટીક લેબોરેટરી વગેરેનો સમાવેશ થાય છે.

(૧) **બિલ્ડિંગ**- સેમ્પલ કલેક્શન, પ્રોસેસિંગ, રિપોર્ટ તૈયાર કરવા વગેરે માટે પૂરતી જગ્યા ઉપલભ્ય હોવી જોઈશે. માઈક્રોસ્કોપી અને બાયોકેમિકલ પરીક્ષણો માટે પૂરતી જગ્યા હોવી જોઈશે. ઓરડો, પૂરતા પ્રકાશ સાથે સારી રીતે હવાની અવરજવર વાળો હોવો જોઈશે. દર્દીના ઉપયોગ માટે હોસ્પિટલમાં પથારી રાખવા માટેની જગ્યા હોવી જોઈશે. એક્સ-રે પણ કાર્યરત હોય, તો એક્સ-રે સેન્ટર માટેના ધોરણોનું પાલન કરવાનું રહેશે. લેબોરેટરી (પ્રયોગશાળા)માં નીચેની બાબતોના સંબંધમાં પૂરતી જગ્યા સુનિશ્ચિત કરવી જોઈશે:-

(ક) રિસેપ્શન (દર્દીનું સ્વાગત)

(ખ) સેમ્પલ કલેક્શન (નમૂના સંગ્રહ)

(ગ) બાયો હેજાર્ડ મટિરિયલ (જૈવ જોખમી સામગ્રી) માટે અલગ વ્યવસ્થા

(ઘ) રેગ્યુલેટરી એજન્સી એટમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ (AERB)ની જરૂરિયાત મુજબ રેડિયોઆઈસોટોપ સંબંધિત કાર્ય.

(ચ) દર્દીના ઉપયોગ માટે શૌચાલય

લેબોરેટરીઓએ, ખાસ કરીને, કર્મચારીઓની લાયકાત વગેરે માટે લેબોરેટરી (પ્રયોગશાળાઓ)ના ટેસ્ટિંગ (પરીક્ષણ) અને કેલિબ્રેશન (માપાંકન) માટે નેશનલ એક્રેડિટેશન (રાષ્ટ્રીય માન્યતા) બોર્ડ-એ ઠરાવેલા ધોરણોનું પાલન કરવાનું રહેશે, લેબ સેવામાં ગુણવત્તાની ખાતરી, આંતરિક ગુણવત્તા અને બાહ્ય ગુણવત્તા સુનિશ્ચિત કરવી જોઈશે.

(૨) **કર્મચારીવર્ગ (સ્ટાફ).**- લેબોરેટરીના કાર્યની દેખરેખ અને મંજૂરી, પરિશિષ્ટ-૯માં નિર્દિષ્ટ કરેલ લાયકાત ધરાવતી વ્યક્તિએ કરવાની રહેશે.

(૩) **સાધનસામગ્રીઓ.**-

માઈક્રોસ્કોપ

કેલરીમીટર

સેન્ટ્રીફ્યુજ

સેમી ઓટો એનાલાઈઝર અથવા ઓટો એનાલાઈઝર

સેલ કાઉન્ટર

રેફ્રિજરેટર

હોટ એર ઓવન

બાયો સેફ્ટી કેબિનેટ

લેમિનર એર ફ્લો કેબિનેટ -વૈકલ્પિક.

કોઈ અન્ય જરૂરી સાધન-સામગ્રી અથવા આ નિયમો હેઠળ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત ઠરાવ્યા પ્રમાણેની સાધન-સામગ્રીઓ.

(૪) **રેકર્ડ.**- નિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અલગ રેકર્ડ જાળવવા જોઈશે.

નીચેનું ઓછામાં ઓછું રેકર્ડ જાળવવાનું રહેશે: -

(ક) ડેઈલી રિઝલ્ટ્સ (દૈનિક પરિણામો) રજિસ્ટર

(ખ) ઈન્ટરનલ ક્વોલિટી કન્ટ્રોલ (આંતરિક ગુણવત્તા નિયંત્રણ) રજિસ્ટર

(ગ) સેમ્પલ કલેક્શન રજિસ્ટર

(ઘ) બાહ્ય ગુણવત્તા મૂલ્યાંકન યોજનાઓ/કાર્યક્રમોમાં ભાગીદારી.

૮. **એક્સ-રે (રેડિયોગ્રાફ) અને ઈમેજિંગ સેન્ટર્સ.**- આ સેન્ટરમાં, ઈમેજિંગ સાયન્સના તમામ કેન્દ્રો, અલ્ટ્રા સોનોગ્રાફી સ્કેન સેન્ટર્સ, કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી (C.T.) સ્કેન સેન્ટર્સ, મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ (MRI) સ્કેન સેન્ટર્સ, એક્સ-રે (રેડિયોગ્રાફ) અને ટ્રેડમિલ ઈકોકાર્ડિયોગ્રાફી વગેરેનો સમાવેશ થશે.

૧. **બિલ્ડિંગ (મકાન)**- ઉપયોગમાં લેવાતા સાધનોની જરૂરિયાત મુજબ પૂરતી જગ્યા. રાહ જોતા દર્દી માટે અને એનાફિલેક્સિસના કિસ્સામાં દર્દીના રિસસિટેશન (પુનર્જીવન) માટે પૂરતી જગ્યા પૂરી પાડવી જોઈશે. એક્સ-રે અને ઈમેજિંગ સેન્ટરોએ "એટમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ"(AERB)ના ધોરણોનું પાલન કરવું જોઈશે.

૨. **કર્મચારીવર્ગ (સ્ટાફ).**- તમામ પરીક્ષણો (ટેસ્ટ), ફક્ત નીચે મુજબની લાયકાત ધરાવતી ટેકનિકલ વ્યક્તિઓએ જ કરવા જોઈશે:-

એક્સ-રે	ક્લિનિકલ રિસર્ચ એસોસિયેટ (CRA) લાયકાત ધરાવતા રેડિયોગ્રાફર અથવા મેડિકલ રેડિયોલોજી ઇમેજિંગ ટેક્નોલોજીમાં ડિપ્લોમા અથવા ઇમેજિંગ ટેક્નોલોજીમાં બી.એસ.સી.(BSC) અથવા AERB દ્વારા મંજૂર કરાયેલા કોર્સની ડિગ્રી (પદવી) અથવા ડિપ્લોમા અથવા રાજ્ય સરકાર/ યુજીસી-એ માન્ય કરેલ યુનિવર્સિટીએ મંજૂર કર્યા પ્રમાણેનું પ્રમાણપત્ર/ડિપ્લોમા/ડિગ્રી કોર્સ.
અલ્ટ્રા સોનોગ્રામ	પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેક્નિક (ગર્ભધારણ પૂર્વ અને પ્રસૂતિ પૂર્વ નિદાન તકનીક) (લિંગ પસંદગી પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૯૪ની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતા ડૉક્ટર દ્વારા અથવા રેડિયોલોજિસ્ટ અથવા સંબંધિત સ્પેશિયાલિસ્ટ દ્વારા
ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રામ (ECG)	ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રામ (ECG)માં તાલીમ પામેલા ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રામ (ECG) ટેકનિશિયન દ્વારા અથવા ડૉક્ટર દ્વારા
ઇલેક્ટ્રોએન્સીફેલોગ્રાફી (EEG)	ઇલેક્ટ્રોએન્સીફેલોગ્રાફી (EEG)માં તાલીમ પામેલા ઇલેક્ટ્રોએન્સીફેલોગ્રાફી (EEG) ટેકનિશિયન અથવા ડૉક્ટર દ્વારા
કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સ્કેન (CT)	રેડિયોગ્રાફર/એક્સ-રે ટેકનિશિયન દ્વારા અને રેડિયોલોજિસ્ટ અથવા સંબંધિત સ્પેશિયાલિસ્ટ દ્વારા રિપોર્ટ.
ટ્રેડમિલ	સંબંધિત ટેકનિશિયન. ટેસ્ટ દરમિયાન ડૉક્ટર હાજર રહેવું જોઈશે.
ઇકો કાર્ડિયોગ્રાફ	લાયકાત ધરાવતા ડૉક્ટર ખાસ કરીને, કાર્ડિયોલોજિસ્ટ દ્વારા અથવા લાયકાત ધરાવતા ડૉક્ટર દ્વારા (રેડિયોલોજી, મેડિસિન, પેડિયાટ્રિક, એનેસ્થેસિયા, ક્રિટિકલ કેરના ઇમરજન્સી ક્ષેત્રમાં અનુસ્નાતક અથવા યોગ્ય અનુભવ ધરાવતા, ખાસ કરીને, કાર્ડિયોલોજિસ્ટ (કાર્ડિયોલોજીના ક્ષેત્રમાં સુપર સ્પેશિયાલિસ્ટ).
કોન્ટ્રાસ્ટ સ્ટડીઝ	રેડિયોલોજીસ્ટ અથવા સંબંધિત સ્પેશિયાલિસ્ટ દ્વારા
મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ (MRI)	રેડિયોલોજીસ્ટ અથવા સંબંધિત સ્પેશિયાલિસ્ટ દ્વારા

સ્કેન.- MRI / CT સ્કેન/ PET સ્કેન/ USG સ્કેન અલ્ટ્રા સોનોગ્રાફી સ્કેનનું રિપોર્ટિંગ, રેડિયોલોજિસ્ટે અથવા સંબંધિત સ્પેશિયાલિસ્ટે કરવાનું રહેશે.

૨. **સાધનસામગ્રીઓ.**- સંબંધિત સ્પેશિયાલિટી ટેસ્ટ અનુસાર **સાધનસામગ્રી**.

૩. **રેકર્ડ.**- નિયમોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ અલગ રેકર્ડ જાળવવાનું રહેશે.

૯. લેબોરેટરી (પ્રયોગશાળાઓ):

અનુ-ક્રમાંક	લેબોરેટરીનો પ્રકાર	બેસિક કૉમ્પોઝિટ (મૂળભૂત સંમિશ્રણ)	મિડિયમ	એડ્વાન્સ્ડ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	**સેવાઓનો વ્યાપ**	આ ટેસ્ટ (પરીક્ષણો) (નીચે જણાવ્યા મુજબ) ફિલ્ડ લોકેશન પર મોબાઈલ લેબોરેટરીમાં પણ કરી શકાશે.	બેસિક કોમ્પોઝિટ લેબોરેટરીમાં કરેલા ટેસ્ટ (પરીક્ષણો) ઉપરાંત, નીચે પ્રમાણે જણાવેલા પરીક્ષણો સહિત.	મિડિયમ લેબોરેટરીમાં કરેલા ટેસ્ટ (પરીક્ષણો) ઉપરાંત, નીચે જણાવ્યા મુજબનાં વધારાના પરીક્ષણો.
	(ક) બાયો કેમિસ્ટ્રિ (જીવ રસાયણવિજ્ઞાન)	નિયમિત બાયોકેમિસ્ટ્રિ ટેસ્ટ જેમ કે બ્લડ સુગર, રિનલ ફંક્શન ટેસ્ટ, લિવર ફંક્શન ટેસ્ટ, એમીલેઝ, લિપેઝ, લિપિડ	હોર્મોન બાયોસે, ટ્યુમર માર્કર, પ્લાઝમા પ્રોટીન ઇલેક્ટ્રોફોરેસીસ	(ક) કોગ્યુલેશન પ્રોફાઇલ, ડ્રગ મોનિટરિંગ અને ટોક્સિકોલોજી એસે, (ખ) મૉલેક્યૂલર જિનેટિક્સ,

અનુ-ક્રમાંક	લેબોરેટરીનો પ્રકાર	બેસિક કૉમ્પોઝિટ (મૂળભૂત સંમિશ્રણ)	મિડિયમ	એડ્વાન્સ્ડ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		પ્રોફાઈલ, સેરેબ્રો-સ્પાઈનલ ફ્લુઈડ (CSF) અને અન્ય બાયલૉજિકલ ફ્લુઈડ્સ (જૈવિક પ્રવાહી) (ગ્લુકોઝ અને પ્રોટીન), ઓરલ ગ્લુકોઝ ટોલરન્સ ટેસ્ટ, ઈલેક્ટ્રોલાઈટ્સ, કેલ્શિયમ અથવા ફોસ્ફેટ, HbA 1c, કોઈપણ બાયોકેમિસ્ટ્રિ આધારિત રેપિડ ટેસ્ટ.		મેટાબોલિઝમ (ચયાપચય)ની જન્મજાત ભૂલો (ઈન-બોર્ન એર્સ) શોધવા માટેના ટેસ્ટ (પરીક્ષણો)
	(ખ) હીમેટોલોજિ	હીમોગ્રામ, બ્લીડીંગ (રક્તસ્ત્રાવ) સમય, ક્લોટીંગ (લોહી ગંઠાઈ જવા)નો સમય, પ્રોથ્રોમ્બિન સમય, એક્ટિવેટેડ પાર્શિયલ થ્રોમ્બોપ્લાસ્ટિન સમય, બ્લડ ગ્રુપિંગ એન્ડ મેચિંગ.	કોગ્યુલેશન એસે	અન્ય તમામ હીમેટોલોજિ ટેસ્ટ પણ
	(ગ) હીસ્ટોપેથોલોજિ	શૂન્ય	સાધનસામગ્રી અને સ્પેશિયાલિસ્ટની ઉપલબ્યતાને અધીન રહીને કરી શકે.	હીસ્ટોપેથોલોજિ એક્ઝામિનેશન (તપાસ)
	(ઘ) મૉલેક્યૂલર જિનેટિક્સ	શૂન્ય	સાધનસામગ્રી અને સ્પેશિયાલિસ્ટની ઉપલબ્યતાને અધીન રહીને કરી શકે.	મૉલેક્યૂલર જિનેટિક્સ
	(ચ) સાયટોપેથોલોજિ	શૂન્ય	PAP સ્મીયર, ફાઈન નીડલ એસ્પિરેશન સાયટોલોજિ (FNAC), સ્પુટમ અને CSF સાયટોલોજી	ઈમ્યુનો સાયટોકેમિસ્ટ્રિ. અન્ય જૈવિક પ્રવાહી સાયટોલોજિ; અલ્ટ્રાસાઉન્ડ અથવા સીટી (CT) ગાઈડેડ FNAC.
	(છ) ઈમ્યુનો-હીસ્ટોપેથોલોજિ	શૂન્ય	શૂન્ય	ઈમ્યુનો-હીસ્ટો કેમિસ્ટ્રિ:
	(જ) મેડિકલ માઈક્રોબાયૉલજિ અને ઈમ્યૂનોલોજિ	ઈન્ફેકશન માટે રેપિડ ટેસ્ટ (પોઈન્ટ ઓફ કેર ટેસ્ટ), પેશાબની રૂટીન (નિયમિત) તપાસ અને માઈક્રોસ્કોપી, વિબ્રિઓ કોલેરા માટે હેંગિંગ ડ્રોપ, ઓવા/સીસ્ટ માટે સ્ટૂલ જેવા બેસિક ટેસ્ટ્સ. નેક્સ્ટ લેવલની ડાયગ્નોસ્ટિક લેબોરેટરીમાંથી પુષ્ટિ કરવાની જરૂર હોય તેવા તમામ એચ.આય.વી પૉઝિટિવ રેપિડ એસેને.	(ક) વાયરસ, બેક્ટેરિયા, ફૂગ, પરોપજીવીઓ માટે સેરોલોજીકલ પરીક્ષણો (ખ) કલ્ચરલ સેન્સિટિવિટી ટેસ્ટ (પરીક્ષણો): બેક્ટેરિયલ અથવા ફંગલ (ગ) ગ્રામ સ્ટેએન ઉપરાંત અન્ય સ્પેશિયલ સ્ટેએન.	(ક) બેક્ટેરિયા માટે કલ્ચર સેન્સિટિવિટિ ટેસ્ટ. (ખ) રિયલ ટાઈમ પોલિમરેઝ ચેઈન રિએક્શન (RTPCR) ટેસ્ટ. (ગ) ચેપી રોગો માટે ટિસ્યૂ ડાયગ્નોસિસ(પેશી નિદાન) ટેસ્ટ (પરીક્ષણ).

અનુ-ક્રમાંક	લેબોરેટરીનો પ્રકાર	બેસિક કૉમ્પોઝિટ (મૂળભૂત સંમિશ્રણ)	મિડિયમ	એડ્વાન્સ્ડ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૨	**ઈન્ફ્રાસ્ટ્રક્ચર**			
	(ક) બેસિક સાઈનેજ - સુવિધાની અંદર અથવા બહાર નીચેની માહિતી ધરાવતો સાઈનેજ ઉપલભ્ય કરાવવાનું રહેશે.	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	ખ) લાયકાત અને રજીસ્ટ્રેશન નંબર સાથે ઈન્ચાર્જ વ્યક્તિનું નામ	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ગ) હીમેટોલોજિ, બાયો કેમિસ્ટ્રિ (જીવ રસાયણવિજ્ઞાન) ક્લિનિકલ પેથોલોજિ, હિસ્ટોલોજિ, સાયટોલોજિ, મૉલેક્યૂલર જિનેટિક્સ - જે લાગુ પડતું હોય તેવી પૂરી પાડવામાં આવતી વ્યાપક સેવાઓ.	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ઘ) જુદા-જુદા કન્સલ્ટન્ટ(પરામર્શ-કો)નો સમય	ઈચ્છનીય	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(છ) ઈન્ટરનેટ સુવિધા અથવા એપોઈન્ટમેન્ટ માટે ટેલિફોન અને મોબાઈલ નંબર	ઈચ્છનીય	ઈચ્છનીય	ઈચ્છનીય
	(છ) ફીનું માળખું: તપાસના પ્રકાર અને ચાર્જીસ એટલે કે વિશેષ અને રૂટીન (નિયમિત) ટેસ્ટ (પરીક્ષણો) સહિત અલગથી દર્શાવવા.	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	૨. સલામતી સંકેત (સેફ્ટિ સાઈનેજ) (લાગુ પડતું હોય ત્યાં)			
	(ક) બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ(જૈવ-ચિકિત્સા વ્યય વ્યવસ્થાપન નિયમો, ૨૦૧૬) મુજબ રેડિયોએક્ટિવ મટીરીયલ	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)

અનુ-ક્રમાંક	લેબોરેટરીનો પ્રકાર	બેસિક કૉમ્પોઝિટ (મૂળભૂત સંમિશ્રણ)	મિડિયમ	એડ્વાન્સ્ડ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
	(કિરણોત્સર્ગી સામગ્રી), ઝેરી રસાયણો, માઈક્રોબાયલ એજન્ટો, ચેપગ્રસ્ત જૈવિક સામગ્રી સહિતને સલામતી જોખમી અને સાવધાનીનાં ચિહ્નો(Safety hazard and caution signs)- બાયોમેડિકલ કચરો રંગીન ડબ્બામાં અને બેગમાં અલગથી રાખવા.			
	(ખ) યોગ્ય ફાયર એક્ઝિટ સાઈનેજ - ઓછામાં ઓછું એક અગ્નિશામક	ઈચ્છનીય	ઈચ્છનીય	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	૩. જગ્યાની જરૂરિયાત			
	(ક) નોંધણી (રજિસ્ટ્રેશન) અને વેઇટિંગ રૂમ, જાહેર ઉપયોગિતાઓ, સુરક્ષિત પીવાનું પાણી વગેરે	ઈચ્છનીય	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ખ) નમૂના સંગ્રહ વિસ્તાર (સેમ્પલ કલેક્શન એરિયા)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ગ) પૂરતા ડિફ્યુઝ અને સ્પોટ લાઇટિંગ સાથેની લેબોરેટરી	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ઘ) શૌચાલય	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ચ) રિપોર્ટિંગ અને બિલિંગ વિસ્તાર	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(છ) ૨૪ કલાકની સેવાઓ ઉપલબ્ધ હોય ત્યાં - પુરુષ અને મહિલા માટે અલગ સ્ટાફ રૂમ અને ડૉક્ટરનો ડ્યુટી રૂમ	ઈચ્છનીય	ઈચ્છનીય	ઈસેન્શ્યલ (અનિવાર્ય)

અનુ-ક્રમાંક	લેબોરેટરીનો પ્રકાર	બેસિક કૉમ્પોઝિટ (મૂળભૂત સંમિશ્રણ)	મિડિયમ	એડ્વાન્સ્ડ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
	(જ) વોશિંગ રૂમ	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ઝ) નમૂનાઓ (સ્પેશિમેન) અને સ્લાઈડ્સની જાળવણી	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
	(ટ) ઈલેક્ટ્રિકલ (વિદ્યુત) સુવિધાઓ	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)	ઈસેન્શ્યલ (અનિવાર્ય)
